Cash Desk ref

EWS આવાસ તબદીલી માટેનું કન્વેયન્સ ડીડ (દસ્તાવેજ)

એક તરફવાળા :- ....
(લખી આપનાર) ....
....

બીજી તરફવાળા :- ....
(લખાવી લેનાર) ....
....

અરજી ફોર્મ નં :

આ કરાર વર્ષ બે હજાર............ ના ....મહીનાની તા..............નાં રોજ એક તરફવાળા મ્યુનિસિપલ કમિશનરશ્રી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, જેની મુખ્ય કચેરી દાણાપીઠ અમદાવાદ ખાતે આવેલી છે અને જે મ્યુનિસિપલ કમિશનરશ્રી,

કરારમાં હવે પછી જેમનો ઉલ્લેખ "માલિક" તરીકે કર્યો છે અને શબ્દ પ્રયોગમાં સંદર્ભ કે અર્થેથી વિસંગત હોય તે સિવાય તેમના અનુગામીઓનો સમાવેશ થાય છે. આ કરારમાં મ્યુનિસિપલ કમિશનરશ્રી,અમદાવદને "કબજો સોંપનાર-એક તરફવાળા" તરીકે ઓળખવામાં આવશે.

બીજા પક્ષે-બીજી તરફવાળા કબજો સંભાળનારશ્રી..ઉંમર/વર્ષ ....ધંધો...............ધર્મે...........................રહેવાસી... ....બીજી તરફવાળાને "કબજો સંભાળનાર" તરીકે ઓળખવામાં આવશે.

આથી આજરોજ એક તરફવાળા અને બીજી તરફવાળા વચ્ચે કરાર કરવામાં આવે છે કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મુખ્યમંત્રી આવાસ યોજના અન્વયે શહેરી ગરીબોને રાહતદરે પોતાની માલિકીનું મકાન મળે તે હેતુથી શહેરના જુદા જુદા વિસ્તારોમાં અ.મ્યુનિ.કોર્પો.ની માલિકીની જમીન ઉપર EWS ના મકાનો

બાંધવામાં આવેલ છે. જે અંગે વર્તમાનપત્રમાં જાહેરખબર આપી આવાસ અંગેના અરજીફોર્મ બહાર પાડી, ફોર્મ ભરીને પરત આવ્યેથી નીતિ-નિયમો અનુસાર મુખ્યમંત્રીશ્રીની હાજરીમાં આવાસોનો પારદર્શી "ડ્રો" કરવામાં આવેલ, જેમાં આ કરારનાં બીજી તરફવાળાતે EWS આવાસ નં......................સ્કીમનું સ્થળ... ....ની ફાળવણી નીચેની શરતોએ કરવામાં આવેલ અને તેઓએ મ્યુનિસિપલ કોર્પોરેશનને નક્કી કરેલ આવાસની રકમ રૂ.3,00,000/-(અંકે રૂપિયા ત્રણ લાખ પૂરા) નીચેની વિગતે ચૂકવી આપેલ છે.

વિગત	રકમ	બેંક	ચેક નંબર	તારીખ
અરજી ફોર્મ સાથે ચુકવેલ રકમ				
આવાસની ૨૦% કિંમત પેટે (અગાઉ અરજી ફોર્મ સાથે ભરેલ રકમ બાદ કરીને) ચુકવેલ રકમ				
આવાસના પ્રથમ હપ્તા પેટે ચુકવેલ રકમ				
આવાસના બીજા હપ્તા પેટે ચુકવેલ રકમ				
આવાસના ત્રીજા હપ્તા પેટે ચુકવેલ રકમ				
આવાસના ચોથા હપ્તા પેટે ચુકવેલ રકમ				
આવાસના પાંચમા હપ્તા પેટે ચુકવેલ રકમ				
આવાસના છઠ્ઠા હપ્તા પેટે ચુકવેલ રકમ				
આવાસના સાતમા હપ્તા પેટે ચુકવેલ રકમ				
આવાસના આઠમા હપ્તા પેટે ચુકવેલ રકમ				
આવાસના નવમા હપ્તા પેટે ચુકવેલ રકમ				
આવાસના દસમા હપ્તા પેટે ચુકવેલ રકમ				

શરતો

1. બીજી તરફવાળા એટલે કે લાભાર્થીના કુટુંબની વાર્ષિક આવક રૂ.૧,૦૦,૦૦૦/- સુધીની છે.
2. બીજી તરફવાળા લાભાર્થીના કુટુંબના કોઇપણ સભ્યના નામે અ.મ્યુ.કોની હદમાં કે તેના ફરતે ૮ કી.મી હદ વિસ્તારમાં મકાન અથવા જમીનનો પ્લોટ આવેલો નથી.
3. આ કન્વેયન્સ ડીડ(દસ્તાવેજ) નો ખર્ચ લાભાર્થીએ – બીજી તરફવાળાએ ભોગવવાનો રહશે.
4. બીજી તરફવાળા લાભાર્થીઓ દ્વારા ફરજીયાતપણે એસોસીએશન રચવાનું રહેશે તથા એસોસિયેશના નામનું બેંકમાં ખાતુ ખોલાવવાનું રહશે. એસોસીએશનના હોદ્દેદારોએ એક તરફવાળા જણાવે ત્યારે સઘળી આંતરીક સુવિધાઓ જેવી કે પાણીપુરવઠો, ગટર, સ્ટ્રીટલાઇટ, રસ્તા, લીફ્ટ, સ્થાનિક સંસ્થાઓમાં બીજી તરફવાળાઓએ પોતાના એસોસીએશના નામે સંભાળી લેવાની રહેશે. ત્યારબાદ મરામત, નિભાવણી, સાર-સંભાળ, તથા વેરા ભરવાની સંપૂર્ણ જવાબદારી બીજી તરફવાળાની રહશે.
5. એક તરફવાળાએ મકાનની સાથે વસુલવામાં આવેલ મેન્ટેનન્સ ડિપોઝીટની રકમ સામાન્ય સુવિધાઓ તબદીલ કરતી વેળાએ જ બીજી તરફવાળાના એસોસીએશના બેંક ખાતામાં જમા કરાવવામાં આવશે. જે રકમમાંથી સમગ્ર વસાહતની સામાન્ય સુવિધાઓની મરામત નિભાવવાની જરૂરી વ્યવસ્થા જે તે એસોસીએશન દ્વારા જ કરવાની રહેશે.
6. એક તરફવાળા સદરહુ આવાસ યોજના ખુબ જ વ્યાજબી દરે અને આવાસન પ્રવૃતિ માટેની સંપાદીત જમીન ઉપર હાથ ધરવામાં આવેલ હોઇ વેચાણ લેનાર ફાળવણી તારીખથી ૭ વર્ષ સુધી અન્ય કોઇ વ્યકિતને તબદીલ કરી શકશે નહી. જો બીજી તરફવાળાએ ફાળવણીની તારીખથી ૭ વર્ષ પહેલા અન્ય કોઇ વ્યકિતને વેચાણથી કે લીઝથી કે અન્ય કોઇ પણ રીતે અવાસ તબદીલ કરેલ માલુમા પડશે તો આવાસની ફાળવણી રદ કરી આવાસનો કબજો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન મેળવી લેશે. ૭ વર્ષ બાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની મંજુરી મેળવી તે અંગેના નિયમોને આધીન રહી અન્ય કોઇ વ્યકિતને તબદીલ કરવા ઇચ્છે તો કરી શકશે.

7. બીજી તરફવાળા લાભાર્થીએ આવાસના અરજી ફોર્મમાં જણાવેલ સઘળી વિગતો પૈકી જો કોઇ પણ માહીતી ખોટી સાબિત થશે તો મકાનની ફાળવણી રદ કરવામાં અને ભરેલી પુરેપુરી રકમ જપ્ત કરવામાં અવશે. તેમજ અરજદાર સામે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.
8. બીજીતરફવાળા લાભાર્થીની ઉંમર (અરજી તારીખે) ૧૮ વર્ષ પૂર્ણ થયેલ હોવી જરૂરી છે.
9. બીજી તરફવાળા વેચાણ રાખનારે લીફ્ટ, રસ્તા, સ્ટ્રીટલાઇટ, ગટર, પાણી વગેરે સુવિધાઓનો સુમેળથી ઉપયોગ કરવાનો રહશે. તેમજ પેસેજની જગ્યા ખુલી અને સ્વચ્છ રાખવાની રહેશે. એસોસીએશના દરેક સભ્યએ દર માસે એસોસીએશન ચાર્જ નક્કી કરે તે ચાર્જ ભરવાનો રહેશે. કન્વેયન્સ ડીડ થયા પછીનો મ્યુનિસિપલ વેરો, લાઇટબીલ વગેરે.... બીજી તરફવાળાએ ભરવાનો રહેશે.
10. એક તરફવાળા તરફથી મને જે મકાન ફાળવવામાં આવેલ છે તેની કિંમતને લગતા તમામ હપ્તા, નિયતસમયમાં ભરવાની થતી રકમ, દંડ કે દંડનીય વ્યાજ, વેરો કે ઇતર રકમ, રજીસ્ટ્રેશનનો ખર્ચ/રકમ તે બીજી તરફવાળાએ એક તરફવાળા જે નક્કી કરે તે અધિકૃત સંસ્થાને ભરવા બંધાવું છું.
11. અગાઉ લોન લેતી વખતે કરેલ ટ્રાય પાર્ટી એગ્રીમેન્ટની શરતો મુજબ વર્તવાનું રહેશે.
12. “EWSના લાભાર્થીઓ દ્વારા બાકી/છેલ્લો હપ્તો ચુકવ્યા બાદ જ આવાસનો કાયદેસરનો માલિકી હક ગ્રાહ્ય થશે”.

મિલકતની વિગત (શીડ્યુલ)

T.P/F.P નંબર	આવાસનું સ્થળ	આવાસની વિગત	બાંધકામ ક્ષેત્રફળ

મિલકતના ખૂંટની વિગત

પૂર્વ દિશાએ:-

પશ્ચિમ દિશાએ:-

ઉત્તરદિશાએ:-

દક્ષિણ દિશાએ:-

ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલોપમેન્ટ એક્ટ, ૧૯૭૬ ની કલમ ૬૭ ની જોગવાઇ હેઠળ પ્રારંભિક યોજના મંજુર થઇ અમલમાં આવ્યા તારીખથી સમુચિત સત્તા મંડળ એટલેકે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને મળવા પાત્ર થતી તમામ જમીનો કોઇ પણ પ્રકારના બોજા રહીત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નિહિત થાય છે. આમ સદરહુ ટી.પી સ્કીમ નં-...................................ફા..પ્લોટ નં-.............વાળી જમીન સદરહુ કાયદા હેઠળ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની માલિકીની બને છે. અને સવાલવાળી જમીનનો કબજો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને પ્રાપ્ત થાય છે.

ઉપરોકત વિગતવાળી મિલકતનું ઉપરદળનું બાંધકામ ઉપરોક્ત શરતોને આધીન આજરોજ એક તરફવાળાએ બીજી તરફવાળાને આ દસ્તાવેજ થી તબદીલ કરેલ છે. તેથી હવે બીજી તરફવાળા આ મિલકતના ઉપરદળનાં કબજા ધારક બને છે અને તેઓ તથા તેઓના કુટુંબના સભ્યો રહેઠાણ તરીકે તેનો ઉપયોગ કરવા/ભોગવટો કરવાને હક્કદાર છે. તેઓના વંશ વારસો પણ તેનો રહેઠાણ તરીકે ઉપયોગ/ભોગવટો કરવા હક્કદાર રહેશે. જમીનની માલીકી એક તરફવાળાની રહેશે.

મુંબઇ સ્ટેમ્પ એકટ ૧૯૫૮ ની કલમ ૩૨(ક) હેઠળ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સ્થાનિક સત્તામંડળ હોઈ લેખમાં જણાવેલ અવેજ એ જ મિલકતની ખરી બજાર કિંમત ગણવાની રહેશે. જેને પ્રવર્તમાન જંત્રીના ભાવો લાગુ પાડવાના રહેતા નથી. અવેજની નિયમ પ્રમાણે સ્ટેમ્પ ડ્યુટી ચુકવાયેલ રકમ પ્રમાણેથી રજીસ્ટ્રેશન ફી અને સ્ટેમ્પ ડ્યુટી ફી વેચાણ લેનારે ભરવાની રહેશે.

દસ્તાવેજ કરી આપવાની સત્તા મે.મ્યુનિસિપલ કમિશ્નરશ્રીએ તેઓના તા.૧૮/૦૧/૨૦૧૬ ના રોજ ઓફિસા ઓર્ડર નં- ૦૦૩૭૨૪ થી જે તે ઝોનના આસિ.ટીડી.ઓશ્રીને આપેલ છે.

૧.(૧) વેચાણ થતી મિલકતનો દુરનો ફોટોગ્રાફ:-

("૫X૭" સઈઝનો વેચાણ થતી વેચાણ થતી
મિલકતનો ફોટોગ્રાફ દુરથી)

મિલકતનું પોસ્ટલ સરનામું :-..

....

મિલકત રાખનારની સહી :- ....

મિલકત તબદીલ કરનારની સહી :- ....

૧.(૨) મિલકતનો નજીકથી ફોટોગ્રાફ :-

("૫x૭" સાઇઝનો મિલકતનો ફ્રન્ટવ્યુ
બીલ્ડીંગ ફોટોગ્રાફ નજીકથી)

મિલકતનું પોસ્ટલ સરનામું :-..

....

મિલકત રાખનારની સહી :-..

મિલકત તબદીલ કરનારની સહી :- ....

મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ EWS વાળા આવાસ મેળવવા અંગે બીજા પક્ષવાળા તરફથી કરાયેલ અરજીવાળા મૂળ ફોર્મમાં સામેલ તમામ શરતો તથા તે ફોર્મ સાથે જોડેલ સોગંદનામાથી જણાવેલ તમામ બાંહેધરીઓને આધિન, ફોર્મની શરતો પૈકીની શરત ક્રમાંક નં.21 માં ઉલ્લેખિત પ્રાવધાન હેઠળ આ કન્વેયન્સ-ડીડ કરવામાં આવી રહ્યું છે. આ શરતો અને બાંહેધરીનો ભંગ કરાયેલ/થયેલ હોવાનું ફલિત થતાની સાથે જ આ કન્વેયન્સ-ડીડ(દસ્તાવેજ)નો આપોઆપ અંત આવી જશે. અને ફાળવેલ આવાસ રદ કરી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આવાસનો કબજો મેળવી લેવામાં આવશે.

સ્થળ :- અમદાવાદ

તારીખ :-

અત્રે..મતુ અત્રે..શાખ

વેચાણ આપનારની સહી

સક્ષીની સહી

૧. ....

૨. ....

૨.(૨)::રજીસ્ટ્રેશન એક્ટની કલમ ૩૨-અ મુજબનું પરિશિષ્ટ ::

.... ફોટો ....

લખી આપનાર અંગુઠાનું નિશાન

.... ફોટો ....

લખાવી લેનાર અંગુઠાનું નિશાન